ગ્રફ નામના ત્રણ બકરા

The Three Billy Goats Gruff

Henriette Barkow

Illustrated by Richard Johnson



ati & English

S
J
ML

ગ્રફ નામના ત્રણ બકરા

The Three Billy Goats Gruff

CORK CITY LIBRARY
WITHDRAWN
FROM STOCK

retold by
Henriette Barkow

illustrated by
Richard Johnson

Gujarati translation by Bhadra Patel

mantra

CITY LIBRARY CORK 5010797
TORY TOP ROAD BRANCH

એક વખત ગ્રફ નામના ત્રણ બહુ જ ભૂખ્યા બકરા હતા. એ એક બહુ જ સીધા ચઢાણ વાળી ટેકરીની એક બાજુએ રહેતા હતા. ગ્રફ બકરાએ લીલું લીલું બધું જ ઘાસ ખાઈ લીધું હતું અને હવે તેમને બીજું ખાવાનું શોધવાની જરૂર હતી.

Once there were three very hungry billy goats called Gruff. They lived on the side of a steep steep hill. The Billy Goats Gruff had eaten all the green green grass and needed to find some food.

નીચેની ખીણમાં બકરાને તાજું લીલું ઘાસ દેખાતું હતું, પણ ત્યાં પહોંચવા માટે તેમણે એક પુલ ઓળંગવો પડે તેમ હતું.
અને પુલની નીચે રહેતો હતો એક નપાવટ અને ભૂખ્યો ...

In the valley below the Billy Goats Gruff could see the fresh green grass, but to reach it they had to cross over a bridge. And under that bridge lived a mean and hungry ...

ટ્રોલ.

TROLL.

“મને તો બહુ ભૂખ લાગી છે!” પહેલા ગ્રફ બકરાએ કહ્યું. “હું તો પેલું તાજું લીલું ઘાસ ખાવા જાઉં છું,” અને બીજા બે એને રોકે તે પહેલાં તો એ દોડી ગયો.

ટ્રીપ ટ્રેપ, ટ્રીપ ટ્રેપ પુલ પરથી એ જતો હતો ત્યાં તો ...

“I’m hungry!” said the first Billy Goat Gruff. “And I’m going to eat that fresh green grass,” and before the others could stop him, off he ran.
Trip trap, trip trap across the bridge he went when ...

એક અવાજ ગર્જયો: "ટ્રીપ ટ્રેપ કરતું મારા પુલ પરથી એ કોણ ચાલ્યું?"
"એ તો ફક્ત હું જ છું," સૌથી નાના ગ્રફ બકરાએ બહુ જ ધીરા અને ધ્રૂજતા અવાજે કહ્યું.

a voice roared: "Who's that **trip trapping** on **my** bridge?"
"It's only me," said the youngest Billy Goat Gruff, in a tiny, trembling voice.

"એય સાંભળ, હું નપાવટ અને ભૂખ્યો છું, અને હું તને ખાઈ જઈશ!" ટ્રોલ ઘૂરક્યો.
"ના, ના, ના, મને ન ખાતા. હું તો સાવ નાનો ને પાતળો છું. મારો ભાઈ આવે છે અને એ મારાથી ખૂબ મોટો છે," સૌથી નાના ગ્રફ બકરાએ કરગરતાં કહ્યું.

"Well, I'm mean, and I'm hungry and I'm going to eat you up!" growled the Troll.
"Please, don't eat me. I'm only little and thin. My brother is coming and he's much much bigger than me," pleaded the youngest Billy Goat Gruff.



“વાત તો સાચી છે, તું ખરેખર હાડકાં ને ચામડાં જ છો,” ટ્રોલે કબૂલ કર્યું.
“તારા શરીર પર માંસ દેખાતું જ નથી. હું તારા મોટા ભાઈની વાટ જોઈશ.”
એટલે પહેલો ગ્રફ બકરો પુલ ઓળંગી તાજું લીલું ઘાસ ખાવા લાગ્યો.

“Well yes, you *are* all skin and bones,” agreed the Troll. “There’s no meat on you. I’ll wait for your bigger brother.”
So the first Billy Goat Gruff crossed over the bridge and started to eat the fresh green grass.

બીજા ગ્રફ બકરાએ કહ્યું, “જો મારો નાનો ભાઈ પુલ ઓળંગી શકે, તો હું પણ ઓળંગી શકું છું!”
ટ્રીપ ટ્રૅપ, ટ્રીપ ટ્રૅપ પુલ પરથી એ જતો હતો ત્યાં તો ...

The second Billy Goat Gruff said, “If my little brother can cross the bridge, then so can I!”
Trip trap, trip trap across the bridge he went when ...

એક અવાજ ગર્જ્યો: “ટ્રીપ ટ્રેપ કરતું મારા પુલ પરથી એ કોણ ચાલ્યું?”
“એ તો ફક્ત હું જ છું,” વચલા ગ્રફ બકરાએ ધીમા અવાજે બીતાં બીતાં કહ્યું.

a voice roared: “Who’s that **trip trapping** on **my** bridge?”
“It’s only me,” said the middle Billy Goat Gruff, in a small, scared voice.

“એય સાંભળ, હું નપાવટ અને ભૂખ્યો છું, અને હું તને ખાઈ જઈશ!” ટ્રોલ ઘૂરક્યો.
“ના, ના, ના, મને ન ખાતા. હું તો સાવ નાનો ને પાતળો છું. મારો બીજો ભાઈ આવે છે અને એ મારાથી ખૂબ મોટો છે,” વચલા ગ્રફ બકરાએ કરગરતાં કહ્યું.

“Well, I’m mean, and I’m hungry and I’m going to eat you up!” growled the Troll.
“Please don’t eat me. I’m only little and thin. My other brother is coming and he’s much much bigger than me,” pleaded the middle Billy Goat Gruff.

“વાત તો સાચી છે, તું ખરેખર હાડકાં ને ચામડાં જ છો,” ટ્રોલે કબૂલ કર્યું. “તારા શરીર પર માંસ દેખાતું જ નથી. હું તારા મોટા ભાઈની વાટ જોઈશ.” એટલે બીજો ગ્રફ બકરો પુલ ઓળંગી તાજું લીલું ઘાસ ખાવા લાગ્યો.

“That’s true, you *are* all skin and bones,” agreed the Troll. “There’s not enough meat on you. I’ll wait for your bigger brother.” So the second Billy Goat Gruff crossed over the bridge and started to eat the fresh green grass.

હવે તાજા લીલા મેદાનમાં બે બકરા હતા અને એક બહુ ભૂખ્યો બકરો પાછળ રહી ગયો હતો.
ત્રીજો અને સૌથી મોટો ગ્રફ બકરો પુલ ઓળંગીને જાય કેવી રીતે?

Now there were two billy goats in the fresh green meadow
and one very hungry billy goat left behind.
How could the third and oldest Billy Goat Gruff
cross over the bridge?

“ખરેખર,” ત્રીજા ગ્રફ બકરાએ વિચાર કર્યો, “જો એ બન્ને તે પુલ ઓળંગી શકે તો હું પણ ઓળંગી શકું છું!”
ટ્રીપ ટ્રેપ, ટ્રીપ ટ્રેપ પુલ પરથી એ જતો હતો ત્યાં તો ...

“Well,” thought the third Billy Goat Gruff, “if the others can cross that bridge then so can I!”
Trip trap, trip trap across the bridge he went when ...

એક અવાજ ગર્જ્યો: "ટ્રીપ ટ્રેપ કરતું મારા પુલ પરથી એ કોણ ચાલ્યું?"
"એ તો હું છું!" સૌથી મોટા ગ્રફ બકરાએ ગર્જના કરી. "અને હું મોટો છું, બળવાન છું,
અને તારાથી ડરતો નથી!" - જો કે ખરેખર તો એ ડરતો હતો.

a voice roared: "Who's that **trip trapping** on **my** bridge?"
"It's me!" bellowed the oldest Billy Goat Gruff. "And I'm big,
and I'm strong, and I'm not scared of you!" - although he really was.

“એય સાંભળ, હું નપાવટ અને ભૂખ્યો છું, અને હું તને ખાઈ જઈશ!” ટ્રોલ ઘૂરક્યો.
“એમ તું માને છે!” સૌથી મોટા ગ્રફ બકરાએ કહ્યું. “તું નપાવટ હોઈશ, અને તું ભૂખ્યો હોઈશ.
પણ જો તારે મને ખાવો હોય, તો આવ, મને પકડવા.”

“Well, I’m mean, and I’m hungry and I’m going to eat you up!” growled the Troll.
“That’s what you think!” said the oldest Billy Goat Gruff. “You may be mean, and you may be hungry. But if you want to eat me, come and get me.”

ટ્રોલ પુલ પર ચઢ્યો અને ત્રીજા ગ્રફ બકરા તરફ
વેગથી આગળ વધ્યો.

The Troll climbed onto the bridge and rushed towards
the third Billy Goat Gruff.

પણ ત્રીજો ગ્રફ બકરો તેના માટે તૈયાર જ ઊભો હતો. તેણે પોતાનાં શીંગડાં નીચાં નમાવ્યાં, પગ પછાડ્યા ... ટ્રીપ ટ્રેપ, ટ્રીપ ટ્રેપ ... અને ટ્રોલ તરફ ધસારો કર્યો.

But the third Billy Goat Gruff was ready for him. He lowered his horns, he stamped his hooves ... **trip trap, trip trap** ... and charged towards the Troll.

ત્રીજા ગ્રફ બકરાએ પેલા નપાવટ અને ભૂખ્યા ટ્રોલને પોતાનાં મોટાં ધારદાર શીંગડાં ભરાવ્યાં.

The third Billy Goat Gruff butted that mean and hungry Troll with his big sharp horns.

ટ્રોલ હવામાં ઊંચે ફેંકાયો.

The Troll went flying
through the air.

એક જબરજસ્ત ધબાકા સાથે એ ઠંડા
ઠંડા પાણીમાં પડ્યો.

He landed with a mighty splash,
in the cold cold water.

નપાવટ અને ભૂખ્યો ટ્રોલ ઊંડી ઊંડી નદીમાંથી દૂર દૂર દરિયા તરફ ખેંચાઈ ગયો અને ક્યારે ય પાછો ન દેખાયો.

The deep deep river carried the mean and hungry Troll out to sea and he was never seen again.



કે શું એ પાછો દેખાયો?

OR WAS HE?

હવે ત્રણ ગ્રફ બકરા જરા ય ભૂખ્યા નથી. એમને જેટલું તાજું લીલું ઘાસ ખાવું હોય તેટલું એ ખાઈ શકે છે. અને મન પડે ત્યારે પુલ પર ટ્રીપ ટ્રેપ કરતાં ચાલી શકે છે.

CITY LIBRARY CORK

Now the three Billy Goats Gruff aren't hungry anymore. They can eat as much fresh green grass as they want. And they can **trip trap** across the bridge whenever they like.

For Debbie, Denise, Katy, Jimbo, Rob & all the trolls!
H.B.

To Mum, Dad, Laura & David
R.J.

First published 2001 by Mantra Publishing Ltd
5, Alexandra Grove, London N12 8NU
http://www.mantrapublishing.com

Copyright © 2001 Mantra Publishing Ltd

All rights reserved

Printed in Italy

The Three Billy Goats Gruff is part of the World Tales Series of well loved folktales. Other stories include: Buri a[illegible] Asian), Dragon's Tears (Chinese), Kokroko, th[illegible] e Giant Turnip & The Buskers of Bremen (European) ...

www.corkcitylibraries.ie
[redacted]

The Three Billy Goats Gruff is available in 18 dual language editions: English with Albanian, Arabic, Bengali, Chinese, Czech, Farsi, French, German, Gujarati, Italian, Panjabi, Portuguese, Serbo-Croatian, Somali, Spanish, Tamil, Turkish or Urdu.

£ 7·50

KO-117-778

mantra

GUJARATI & ENGLISH

Isbn 1 85269 617 6